ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
મહેકમ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

રજી.એડી /ઇ.મેઇલ

ક્રમાંક/મકમ.૨/મ.પ્રા.નિમણૂક/એકાઉન્ટન્સી/૨૦૨૨/૧૫૭૮૭-૯૩
તા: ૨૭ /૧૨/૨૦૨૨

વંચાણે લીધા :

૧) ગુજરાત જાહેર સેવા આયોગના તા:૦૮-૦૯-૨૦૨૨ના પત્ર ક્રમાંક:આરટીસી-૧૦૨૦૨૧-૧૪૨૦-૧૫-આર-૦૪

૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક :-જીસીઓ-૧૧૨૨-GEN-૫૯૩-ખ, તા.૧૯-૦૯-૨૦૨૨

૩) ઉમેદવારોએ અત્રે રજુ કરેલ સોગંધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ, તા.૧૭/૧૧/૨૦૨૨

## કચેરી આદેશ :

વંચાણે લીધેલ આમુખ (૧) અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ ખાતે એકાઉન્ટન્સી વિષયના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકને સાતમા પગારપંચમાં પગાર ધોરણ રૂ.૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ મુજબ અકેડેમિક પે લેવલ -૧૦ રૂ.૫૭,૭૦૦/-ના મૂળ પગારમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક આપવા માટે આ કચેરીના હવાલે મુકવામાં આવેલ છે. આમુખ(૨)ની તમામ શરતો તથા નીચે દશાવેલ શરતોને તેમજ આમુખ(૩)ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારોને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| મેરીટ ક્રમ | ઉમેદવારનું નામ | નિમણૂક વાળી કોલેજ |
|---|---|---|
| ૧ | શ્રી મહેન્દ્રકુમાર નાનજીભાઈ પ્રજાપતિ<br>૯૧૦, વિનાયક નગર સોસાયટી, આસ્થા હોસ્પિટલ પાસે, રાધનપુર, પાટણ-૩૮૫૩૪૦ | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર, જિ:-સાબરકાંઠા |

**શરતો::-**

1. જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન ઉપરોક્ત ઉમેદવારોને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના સાતમા પગારપંચમાં પગાર ધોરણ રૂ.૫૭,૭૦૦-૧,૮૨,૪૦૦ મુજબ અકેડેમિક પે લેવલ -૧૦ રૂ.૫૭,૭૦૦/-અને તેના પર અન્ય ભથ્થાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ

મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની મુદત પુરી ન થાય ત્યા સુધી તે જ પગાર મેળવશે અને કોઇ ઇજાફા મેળવવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવાપાત્ર થશે.

2. અજમાયશી મદદનીશ પ્રાધ્યાપકોને વધુ કાર્યક્ષમ બનાવવા તેઓને તાલીમ માટે પસંદ કરેલ હોય કે પ્રતિનિયુક્તિથી તાલીમમાં મોકલવામાં આવ્યા હોય ત્યારે તેઓની સંમતિ મેળવવી અને તેમનો તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે તેની જાણ કર્યા બાદ અને તેમની સંમતી મેળવીને તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.
3. અજમાયશી સમય સમાપ્ત કરવાના હુકમો કરવામાં આવે ત્યારે અજમાયશી અધિકારીએ અજમાયશી સમય દરમ્યાન ભોગવેલ રજાઓ, તાલીમમાં કે પારા (૨) મુજબ પ્રતિનિયુક્તિ પરની તાલીમના સમયગાળાનો સમય અને ફરજ પર જોડાવાના સમય જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.
4. આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.
5. સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને તેઓ રાજ્યમાં કોઇપણ સ્થળે બદલીપાત્ર રહેશે.
6. અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.
7. સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય-મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉર્તિર્ણ કરવામાં નહી આવે તો, ત્યારપછીના ઇજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.
8. નિયત સમય મર્યાદમાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સિનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.
9. પગાર, રજા, પેન્શન, વર્તણૂંક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષયક અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રહેશે.
10. ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વિગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે કે કેમ ? તેની ખરાઇ આચાર્યશ્રીએ કરવાની રહેશે.
11. જે તે જગ્યા માટે નકકી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૧-૭૦ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ, ની જોગવાઇ અનુસાર તબીબી, ચારિત્ર્ય તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક આપવા માટે જે તે ઉમેદવાર પાસેથી મેળવેલ આવા એકરારનામાના આધારે આ નિમણૂંક આપવામાં આવે છે જો તેઓ તબીબી, ચારિત્ર્ય તથા પોલીસ તપાસમાં કોઇ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી, ચારિત્ર્ય અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક વાળી કોલેજના આચાર્યશ્રીએ નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પૂરી કરવાની રહેશે.

12. ઉપરની શરતો પરિપૂર્ણ થવા અંગેની ચકસણી સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરી અત્રે જાણ કરવાની રહેશે. આ શરતો વાંચી, સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે, તે મતલબનું એકરારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી.

13. સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ નિયત નમુનામાં સીકયોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણુંક મેળવનાર ઉમેદવારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ) અને આચાર્યશ્રીએ આ કચેરીને એક નકલ મોકલી આપવાની રહેશે.

14. નિમણુંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ નાજાહેરનામા ક્રમાંક:જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો આચાર્યશ્રીએ મેળવી આ કચેરીને મોકલી આપવાના રહેશે. વધુમાં સરકારશ્રી ધ્વારા વખતો વખત જે કોઇ લાયકી પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવે તે નિમણૂંક પામતા ઉમેદવારે સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય-મર્યાદામાં પાસ કરવાની રહેશે અને તે અંગેની ખાતરી સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરી અત્રે જાણ કરવાની રહેશે.

15. આ ઉમેદવારોની નિમણુંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો ત્રિમાસિક અને વાર્ષિકમુલ્યાંકન અહેવાલ સા. વ. વિ. ના ૦૮/૦૬/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ /૧૦૮૬/૫૦૬૮ /ગ.૨થી નિયત થયેલ નમુનામાં સમયસર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ મેળવી બે નકલમાં અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

16. આ કચેરીના જણાવ્યા મુજબ જયાં સુધી નિયત નમૂનામાં રીસર્ચ પ્રેપોઝલ અને દર વર્ષની પ્રકાશિત પેપરની માહિતી આપના દ્વારા પુરી પાડવામાં નહી આવે ત્યાં સુધી ૨૨ કલાકનો કાર્યભાર પ્રમાણે કામ કરવાનું રહેશે.

17. નિમણૂંક પામેલ ઉમેદવારે નિમણૂંક સ્થળે દિન-30 માં હાજર થવાનું રહેશે.

કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

- સબંધિત ઉમેદવાર
- આચાર્યશ્રી, સબંધિત કોલેજ
- સબંધિતપેટા/જિલ્લાતિજોરીઅધિકારીશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- હિસાબી અધિકારીશ્રી, હિસાબીશાખા, સદરકચેરી.
- શ્રેયાનઅધિક્ષકશ્રી, ખાનગી અહેવાલનાટેબલે.
- રજીસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સિટી.
- હુકમફાઈલે.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ખ-શાખા, સચિવાલય, ગાંધીનગર